આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

વિચારવંત વ્યક્તિ જ ચૈતન્ય સભર છે અર્થાત વિચારવું એટલે જ જીવવું
- સિસેરો

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૧૩ | ૨૩ જાન્યુઆરી, ૨૦૧૩, બુધવાર; પોષ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે વજુભાઈ વિધાનસભા અધ્યક્ષ બનશે

## વજુભાઈ વાળા વિધાનસભાના ૧૬માં અધ્યક્ષ બનશે : આજે ૧૦ વાગ્યે વિધાનસભા ગૃહમાં વિધિવત વરણી કરાશે : અધ્યક્ષ પદનું ઉમેદવારીપત્ર ભરતા પૂર્વે ભાજપના પ્રાથમિક સભ્યપદેથી વજુભાઈએ રાજીનામું આપી સંસદીય પરંપરા જાળવી



ગાંધીનગર, તા. ૨૨

૧૩મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે આજે વિધિવત્ રીતે પૂર્વ નાણાંમંત્રી શ્રી વજુભાઈ વાળાની નિમણુંક કરવામાં આવશે.

વિધાનસભા સચિવાલયને આજે ઉમેદવારી પત્ર ભરવાની મુદત સુધીમાં શ્રી વાળાનું જ ફોર્મ મળ્યું છે. તેથી હવે આજે સવારે ૧૦ વાગે ગૃહમાં તેમની વિધિવત્ વરણી કરવામાં આવશે.

રાજ્ય વિધાનસભામાં સૌથી વધુ અંદાજપત્ર રજુ કરવાનો વિક્રમ ધરાવતા શ્રી વજુભાઈ વાળા રાજ્ય વિધાનસભાના ૧૬મા અધ્યક્ષ બનશે. બારમી વિધાનસભામાં અધ્યક્ષ તરીકે શ્રી અશોક ભટ્ટ પણ અગાઉ વર્ષો સુધી મંત્રીપદે રહ્યા બાદ અધ્યક્ષ બનનાર પ્રથમ રાજકીય અગ્રણી હતા. હવે તેરમી વિધાનસભામાં શ્રી વાળા પણ વર્ષો સુધી મંત્રીપદે રહ્યા બાદ અધ્યક્ષપદે નિયુક્ત થશે.

વિધાનસભાના અધ્યક્ષ તરીકેનું ઉમેદવારી પત્ર ભરતાં પહેલાં શ્રી વાળાએ ભાજપના પ્રાથમિક સભ્યપદેથી પોતાનુ રાજીનામુ આપી દીધુ હતુ.

શ્રી વાળા રાજકોટના મેયર ઉપરાંત રાજકોટ નાગરિક સહકારી બેંકમાં પણ સેવાઓ આપી ચુક્યા છે. શ્રી વાળાએ આજે તેમનું ઉમેદવારીપત્ર ભર્યુ ત્યારે રાજ્યમંત્રી મંડળના સભ્યો શ્રીમતિ આનંદીબેન પટેલ, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી રમણભાઈ વોરા, શ્રી પ્રદિપસિંહ જાડેજા સહિત ધારાસભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ગુજરાત વિધાનસભા સત્રનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે પ્રથમ દિવસે રાજ્યપાલશ્રી ગૃહને સંબોધન કરશે. એ પહેલા વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અધ્યક્ષની ચૂંટણી માટે આજે ભાજપે સિનિયર સભ્ય વજુભાઈ વાળાના નામની અધ્યક્ષ તરીકે પસંદગી કરતાં આજે વજુભાઈ વાળાએ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યુ હતું.

અધ્યક્ષ પદ માટે વજુભાઈ વાળાનું એક માત્ર ફોર્મ ભરાયું છે અને વિપક્ષ કોંગ્રેસના સિનિયર સભ્ય મોહનસિંહે પણ કોંગ્રેસ પક્ષ તરફથી સંમતી આપતાં આવતીકાલે વજુભાઈ વાળાની સર્વસંમતિથી વિધાનસભાના અધ્યક્ષ તરીકે વરણી થાય તેવું નિશ્ચિત મનાઈ રહ્યું છે.

અધ્યક્ષની વરણી કરવામાં આવ્યા બાદ વજુભાઈ પોતાનો કાર્યભાર સંભાળશે. અને ત્યારબાદ રાજ્યપાલશ્રી ગુજરાત વિધાનસભા ખાતે આવશે અને ગૃહને સંબોધન કરશે. આવતીકાલે રાજ્યપાલશ્રીના સંબોધન બાદ દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલી આપવા શોકદર્શક ઉલ્લેખો રજુ કરવામાં આવશે અને ત્યારબાદ ગૃહની કાર્યવાહી ૧૯મી ફેબ્રુઆરી સુધી મુલ્તવી રાખવામાં આવશે.



**ગાંધીનગરમાં રાજકીય ધમધમાટ** - ૧૩મી વિધાનસભાના પ્રથમ દિને નવનિર્વાચીત ધારાસભ્યો આજે પ્રથમ દિવસે શપથવિધિ માટે વિધાનસભા ગૃહમાં પ્રવેશ કર્યો ત્યારની તસવીરી ઝલક.... મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપના ધારાસભ્યો ભારે ઉત્સાહિત વાતાવરણમાં વિધાનસભામાં પ્રવેશ કર્યો હતો. જ્યારે પૂર્વ મુખ્યમંત્રીઓ સર્વશ્રી શંકરસિંહ વાઘેલા અને કેશુભાઈ પટેલે દોઢ દાયકા બાદ વિધાનસભા ગૃહમાં પ્રવેશ્યા હતા. નવનિર્વાચીત મહિલા ધારાસભ્યો અને રાજકીય આગેવાનો પણ ઉત્સાહજનક વાતાવરણમાં વિધાનસભામાં પ્રવેશ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર જિલ્લા પંચાયતની સમિતિઓના ચેરમેનોની વરણી મામલે સસ્પેન્સ

## ગુરૂવારે સાત સમિતિઓના ચેરમેનોની નિયુક્તી માટે બેઠકો

ગાંધીનગર, તા. ૨૨

ગુરૂવારે ગાંધીનગર જિલ્લા પંચાયતની રચાયેલ સમિતિઓના ચેરમેનોની નિમણુંકને લઈ રાજકીય સસ્પેન્શ જિલ્લાના રાજકીય વર્તુળોમાં ઉભો થવા પામ્યો છે.

જિલ્લા પંચાયતની ૧૫મી જાન્યુઆરીએ મળેલી સામાન્યસભામાં સમિતિઓની પુનઃરચના કરવામાં આવી હતી. આ પછી ત્રણ સભ્યોએ તેમની સમિતિઓમાં કરાયેલી નિમણુંકને લઈ અંગત કારણોસર સમિતિના સભ્યપદેથી રાજીનામા આપી ધીધા છે.

જિલ્લા પંચાયત દ્વારા ૨૪મીએ નવી રચાયેલ બધી સમિતિઓની બેઠક બોલાવી છે. ત્યારે રાજીનામુ આપનારા સભ્યોએ તેઓ સામાજીક અને અંગત કારણોસર બેઠકમાં હાજર રહી શકે તેમ ન હોવાનો એક અલગથી પત્ર પણ પાઠવતા હવે આ મુદ્દે રાજકીય સસ્પેન્શ ઉભો થવા પામ્યો છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સાત સમિતિઓની રચના કરવામાં આવી હતી. જેમાંથી ત્રણ સભ્યોએ સમિતિના સભ્યપદેથી રાજીનામા આપ્યા છે. હવે સમિતિઓની રચના માટે કોંગ્રેસ પક્ષ દ્વારા શું કરવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

જો કે સમિતિઓની રચનાની કામગીરી અને ચેરમેનોની નિયુક્તી પણ સંપૂર્ણ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થશે તેવો વિશ્વાસ કોંગ્રેસની નેતાગીરી ધરાવે છે જો કે ત્રણ જેટલી સમિતિઓની રચનાને મુદ્દે મડાગાંઠ ઉભી થાય તેવું રાજકીય નિરીક્ષકોનું માનવુ છે.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિમાં પણ ચેરમેનપદને લઈ ભારે ખેંચતાણ પ્રવર્તી રહી છે તો બાંધકામ સમિતિના ચેરમેનપદને લઈ પણ આવી જ ખેંચતાણ પ્રવર્તતી હોવાનું જાણવા મળેલ છે.

# વિધાનસભા સત્રના પ્રથમ દિવસે જ કુલ ૧૭૭ ધારાસભ્યોના શપથ

## નરેન્દ્ર મોદી, શંકરસિંહ વાઘેલા અને કેશુભાઈ પટેલ વગેરે દિગ્ગજોનો સમાવેશ નીમાબેન આચાર્યને રાજ્યપાલ કમલાજીએ ધારાસભ્ય પદના શપથ લેવડાવ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાના આજથી શરૂ થયેલા બે દિવસીય ટૂંકા સત્રના પ્રથમ દિવસે પ્રોટમ સ્પીકર નીમાબેન આચાર્યએ તમામ ચૂંટાયેલા સભ્યોને ધારાસભ્ય પદ માટે ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. જેમાં સહુ પ્રથમ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા તેમના પછી બીજા ક્રમે ગૃહના ભૂતપૂર્વ અધ્યક્ષ ગણપત વસાવાએ શપથ લીધા હતા અને ત્યારબાદ નરેન્દ્ર મોદી મંત્રીમંડળના સભ્યોએ ક્રમશઃ શપથ લીધા હતા. જેમાં નીતિન પટેલ, આનંદીબેન પટેલ, રમણ વોરા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સૌરભ પટેલ, બાબુ બોખરીયા, વસુબેન ત્રિવેદી, પ્રદિપસિંહ જાડેજા, લીલાધર વાઘેલા, રજનીકાંત પટેલ, ગોવિંદ પટેલ, નાનુભાઈ વાનાણી, જયંતિ કાવડીયા સહિત ભાજપ તથા કોંગ્રેસ સહિતના ધારાસભ્યોએ ગુપ્તતાના શપથ લીધા હતા. જેમાં પ્રોટમ સ્પીકરે ધારાસભ્યો પૈકી સહુ પ્રથમ મહિલા ધારાસભ્યોને શપથ લેવડાવ્યા હતા અને ત્યારબાદ અન્ય ધારાસભ્યોએ એક પછી એક અધ્યક્ષના ડાયસ પાસે પહોંચી શપથ લીધા હતા.

૧૩મી વિધાનસભા ગૃહના બદલાયેલા રાજકીય ચિત્રમાં વિધાનસભાની ચુંટણીમાં પરાજીત વિપક્ષના પૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલ, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા તથા પૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થ પટેલના સ્થાને કોંગ્રેસ પક્ષની બેચના પ્રથમ હરોળમાં શંકરસિંહ વાઘેલા, મોહનસિંહ રાઠવા, સી.કે.રાઉલજી, રામસિંહ પરમાર, માનસિંહ ચૌહાણ, જશા બારડ તથા વિઠ્ઠલ રાદડીયા ગોઠવાયા હતા.

ધારાસભ્યોની શપથવિધિ દરમિયાન ગૃહમાં ગેરહાજર રહેનારાઓમાં ખાસ કરીને નાદુરસ્ત તબીયતને કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બે ધારાસભ્યો મંત્રી પરસોત્તમ સોલંકી તથા પરબતભાઈ પટેલ તેમજ જેલવાસ ભોગવી રહેલા જેઠાભાઈ ભરવાડનો સમાવેશ થાય છે. ૧૩મી વિધાનસભા ગૃહની બેઠક વ્યવસ્થા મુજબ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની બરાબર સામે વિપક્ષની બેચના પ્રથમ હરોળમાં શંકરસિંહ વાઘેલાએ સ્થાન ગ્રહણ કરતાં વિધાનસભાનું બજેટસત્ર કેવું હશે તેના પણ સ્પષ્ટ સંકેતો જોવા મળ્યા હતા. જ્યારે ટ્રેઝરી બેચની પ્રથમ હરોળમાં મુખ્યમંત્રી નરેન્દ્રમોદીની બાજુમાં દ્વિતીય બેઠક પર વર્ષોથી જોવા મળતા પૂર્વ નાણામંત્રી વજુભાઈ વાળાના સ્થાને નવા નાણામંત્રી નીતિન પટેલે સ્થાન ગ્રહણ કર્યું હતું. તેમજ પરાજીત પૂર્વ મંત્રી ફકીરભાઈ વાઘેલાના સ્થાને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા જયનારાયણ વ્યાસની બેઠક પર ગણપત વસવાએ સ્થાન ગ્રહણ કર્યું હતું. જ્યારે પૂર્વ કૃષિમંત્રી દિલીપ સંઘાણીની બેઠક પર બાબુભાઈ બોપરીયાએ સ્થાન ગ્રહણ કર્યું હતું.

આજની બેઠકમાં કોંગ્રેસના ધારાસભ્ય શંકરસિંહ વાઘેલા તથા તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા તેમજ વિઠ્ઠલ રાદડીયા અને તેમના પુત્ર જયેશ રાદડીયાએ ધારાસભ્ય પદના શપથ લીધા હતા. જ્યારે ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ ગૃહમાં લગભગ પોણા બે વાગે આવી પહોંચતા તેમને છેલ્લા ત્રણ ધારાસભ્યો પહેલા શપથ લેવડાવવામાં આવ્યા હતા.

બપોરે ૧૨ વાગે શરુ થયેલા ગૃહમાં કેશુભાઈ પટેલ બરાબર ૧.૪૦ વાગે ગૃહમાં પ્રવેશ્યા ત્યારે સહુ કોઈનું ધ્યાન તેમના પર સ્થિર થયું હતું. કેશુભાઈએ ગૃહમાં વજૂભાઈવાળા બેઠા હતા ત્યાં તેમની બાજુમાં ખાલી રહેલી બેઠક પર સ્થાન જાળવ્યું હતું અને આ બન્ને જુના મંત્રીઓ વાતચીતમાં મગ્ન બન્યા હતા. આજની બેઠકમાં કુલ ૧૭૬ ધારાસભ્યોએ ગુપ્તતાના શપથ લીધા હતા. કોંગ્રેસના ઓખાભાઈ ગાંડાભાઈ પટેલે ધારાસભ્ય પદેથી રાજીનામું આપતા કોંગ્રેસના મહિલા ધારાસભ્યનું અવસાન થતા તેમજ ગેરહાજર રહેલા ભાજપના ત્રણ ધારાસભ્યો પુરુષોત્તમ સોલંકી, પરબત પટેલ અને જેઠાભાઈ ભરવાડ એમ કુલ પાંચ ધારાસભ્યોને બાદ કરતા કુલ ૧૭૬ ધારાસભ્યોએ શપથ લીધા હતા. જ્યારે પ્રોટમ સ્પીકર નીમાબેન આચાર્યને રાજ્યપાલ ડૉ.કમલાએ ધારાસભ્ય તરીકેના શપથ લેવડાવ્યા હતા.

# વિપક્ષના નેતા તરીકે શંકરસિંહ વાઘેલા નિમાયા

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા તરીકે કોંગ્રેસ પક્ષે મોડી સાંજે પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાની નિમણુંક કરી છે.



શ્રી વાઘેલા આજથી શરૂ થઈ રહેલા વિધાનસભાના સત્રમાં હવે વિપક્ષના નેતા તરીકે સ્થાન લેશે.

ગાંધીનગર જિલ્લાના વાસણ ગામના વતની શ્રી શંકરસિંહ વાઘેલા કપડવંજ બેઠક પરથી વિજયી થઈ ગૃહમાં ૧૫ વર્ષ બાદ પ્રવેશ્યા છે. આ પૂર્વે તેઓ ગૃહમાં ગૃહના નેતા તરીકે પણ બેઠા હતા.

આજે સવારે મળેલ વિધાનસભા કોંગ્રેસ પક્ષની બેઠકમાં સભ્યોએ એક લીટીનો પ્રસ્તાવ કરી પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીને નેતાની પસંદગી અંગે સત્તા સોંપી હતી.

આ બેઠકમાં નિરીક્ષક તરીકે દિલ્હીના મુખ્યમંત્રી સુશ્રી શીલા દિક્ષીત હાજર રહ્યા હતા. તેમણે આજે સાંજે દિલ્હી જઈ અને સભ્યોની મળેલી રજુઆતો અંગે પોતાનો અહેવાલ પક્ષના મોવડીમંડળને આપ્યો હતો અને મોડી સાંજે શ્રી વાઘેલાના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.






# વજુભાઈની રમૂજવૃત્તિથી ગૃહમાં હાસ્યની છોળ ઉડી

## 'હવે તમે થપથપાવવાનું બંધ કરો તો હું શપથ લઉં'

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાના આજથી શરૂ થયેલા બે દિવસના ટૂંકા સત્રના આજે પ્રથમ દિવસે ધારાસભ્યોની શપથવિધિ દરમિયાન ફરી એકવાર વજૂભાઈ વાળાના રમૂજી સ્વભાવે ભાજપ તથા કોંગ્રેસ સહિત બધા ધારાસભ્યો, પત્રકારો, અધિકારીઓ તેમજ ગૃહની કાર્યવાહી નીહાળવા આવેલા પ્રેક્ષકોને પણ ખડકડાટ હસાવી દીધા હતા. ધારાસભ્યોની શપથવિધિ દરમિયાન જ્યારે વજુભાઈ વાળાનો શપથ લેવાનો વારો આવ્યો ત્યારે ઉત્સાહ ઘેલા ભાજપના ધારાસભ્યોએ સતત પાટલીઓ શપથપાવી વજુભાઈનું અભિવાદન કર્યું હતું. ભાજપના ધારાસભ્યો એટલા બધા હરખઘેલા બની ગયા હતા કે, વજુભાઈ વાળા ડાયસ સુધી પહોંચી ગયા અને શપથવિધિનો પત્ર વાંચવા માટે હાથમાં લીધો ત્યાં સુધી ધારાસભ્યો પાટલીઓ શપથ પાવતા રહ્યા હતા. ત્યારે વજુભાઈએ તેમના રમૂજી અંદાજમાં ધારાસભ્યોને કહ્યું કે, 'હવે તમે આ શપથપાવવાનું બંધ કરો તો હું શપથ લઉં'. વજુભાઈના આ તળપદી અને રમૂજી અંદાજથી સભાગૃહમાં હાસ્યની છોળો ઉડી હતી.


ધો.૧૨ પાસ તથા ગ્રેજ્યુએટ વ્યક્તિઓ માટે
સરકારી નોકરી મેળવવાની અમૂલ્ય તક
GPSC, Dy.SO, PSI, Bank, વન વિભાગ, કોન્સ્ટેબલ કલાર્ક, તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી
નવી બેચ : તા.27.1.13 થી શરૂ થશે
સમય : સાંજે 4 થી 6 (સોમ થી શનિ)
વિવેકાનંદ એકેડમી
: પ્રવેશ માટે સંપર્ક : 99256 98721

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬